ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૩/૨૨–૨૩/ 165 તારીખ : 11 JAN 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી નાગજીભાઈ નાજાભાઈ રાઠોડ,**
**રે.માલશ્રમ, તા.કોડીનાર,**
**જી.ગીર સોમનાથ,**

કેસ નં.૬૩/૨૨–૨૩

**મો.નં– ૯૯૭૮૫ ૯૬૫૩૫**

**વિષય : અમારી જગ્યા પર અન્યને કનેકશન આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૦/૧૦/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૧/૧૧/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૩/૨૨–૨૩/૩૫૫૧ તા.૦૩/૧૧/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૩/૨૨–૨૩/૩૭૫૨ તા.૧૯/૧૧/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૯/૧૨/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ઉના.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી–૧, **કોડીનાર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૬૩/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી નાગજીભાઈ નાજાભાઈ રાઠોડ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૦૯/૧૨/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી નાગજીભાઈ નાજાભાઈ રાઠોડ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એચ.વી.પરમાર, જુનીયર ઈજનેર, પેટા વિભાગીય કચેરી–૧, કોડીનાર (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી નાગજીભાઈ નાજાભાઈ રાઠોડ, મું.માલશ્રમ, તા.કોડીનાર, જી.ગીર સોમનાથની અમારી જગ્યા પર અન્યને કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૩/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૩/૨૨–૨૩/૩૫૫૧ તા.૦૩/૧૧/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૯/૧૨/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી નાગજીભાઈ નાજાભાઈ રાઠોડ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.વી.પરમાર, જુનીયર ઈજનેર, પેટા વિભાગીય કચેરી–૧, કોડીનાર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી નાગજીભાઈ નાઝાભાઈ રાઠોડ,રહેઠાણ, માલશ્રમ તાલુકો, કોડીનાર, દ્વારા કરવામાં આવેલ ફરિયાદ માં જણાવ્યા મુજબ કોડીનાર–૧ પેટા કચેરીનાં તાબા હેઠળ આવતા માલશ્રમ ગામમાં સંદર્ભે ખાતા નંબર–૨૭૦, સ.નં ૨૧૨/૫૮/પૈકી–૧ થી હે.આરે, ચો.મી.૦–૬૧–૭૮ જમીન આવેલ છે.

૧.૨ તેમની પુર્વ બાજુમાં પ્રતિવાદી નં–૨,૩ રમેશભાઈ તથા રણવીરભાઈ એભાભાઈ રાઠોડની સંયુકત નામે ખાતા નંબર – ૨૭૧, સ.નં–૨૧૨/૭૮/બ થી હે.આરે,ચો.મી.૧–૧૦–૭૮ જમીન આવેલ છે.

૧.૩ વાદીશ્રી ની ફરિયાદ મુજબ ઉપરોકત પ્રતિવાદી ૨,૩ ની જમીનમાં કુવો,બોર કે પિયત માટે અન્ય કોઈ સગવડ નથી તેમજ જમીન રેવન્યુ રેકર્ડ માં પણ કુવો કે બોર ની નોંધ નથી કે મામલતદારશ્રી ની કચેરીમાં કોઈ નોંધ કરાવેલ નથી. જેથી તેઓની જમીન બારાતની છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૪ વાદીશ્રી ની જમીનમાં આવેલ કુવા પર તેઓના પિતાશ્રી હયાતીમાં હોય ત્યારે મશીન પંપથી પીયત કરતા. પરંતુ, તેઓનાં પિતાશ્રી ગુજરી જતા માત્ર ચોમાસાના ૪ મહિના જ વાવેતર કરતા અને બાકીના ૮ મહિના મરછી ની મજુરી કરતા.

૧.૫ વાદીશ્રી ની રજુઆત મુજબ પ્રતિવાદી નં–૨,૩ દ્વારા તેમના પિતાશ્રી ના નામના ખોટા કાગળો ઉભા કરી તેમના કુવા પર કનેકશન મેળવેલ છે.

૧.૬ વાદીશ્રી દ્વારા સદર કુવા પર પ્રતિવાદી નં–૨,૩ દ્વારા લગાવેલ ઈલે.મોટર કાઢી લેવા કહેલ ત્યારે તેઓ દ્વારા ખોટા વાયદાઓ આપેલ અને કુવો ખાલી કરવા કહેલ તેમ છતાં સમજેલ નહી જેથી તેમની વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરેલ.

૧.૭ વાદીશ્રીની રજુઆતમાં તેઓએ અત્રેના તાબા હેઠળની કોડીનાર–૧ પેટા કચેરી પાસેથી પ્રતિવાદી નં–૨,૩ ને કયાં નિયમથી કનેકશન મળેલ છે તેની માહીતી પણ માંગેલ જેની યોગ્ય માહીતી મળેલ નથી તેમજ કોડીનાર–૧ પેટા કચેરી ના અધિકારી દ્વારા વખતો વખત મૌખિક જવાબ આપેલ અને સમાધાન કરાવી આપીશ તેવા વાયદાઓ આપેલ તદઉપરાંત મારી લેખીતમાં ફરીયાદ લઈ નકલ આપવાનું કહેતા ઉદ્ધતાઈ ભર્યુ વર્તન કરેલ અને ઓફીસમાંથી બહાર નીકળી જવા કહેલ.

૧.૮ વાદીશ્રી ની રજુઆત મુજબ અત્રેના તાબા હેઠળની કોડીનાર–૧ પેટા કચેરી તાત્કાલીક પ્રતિવાદી નં–૨,૩ સામે ખોટા કાગળો દ્વારા વીજ કનેકશન ઉભું કરવા કસુર બદલ ફોજદારી રાહે કાર્યવાહી કરે તેમજ કોડીનાર–૧ પેટા કચેરીના અધિકારીના કસુરના લીધે તેમને થયેલ આર્થિક,માનસિક અને સમયની નુકશાનીનું વળતર ચુકવવામાં આવે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય ઉપરોકત વાદીશ્રી ની રજુઆતના અનુસંધાને જણાવવાનું કે, સદર બાબતે નાયબ ઈજનેરશ્રી કોડીનાર–૧ ના જણાવ્યા મુજબ પ્રતિવાદી નં–૨ રમેશભાઈ એભાભાઈ રાઠોડ અને પ્રતિવાદી નં–૩ રણવીરભાઈ એભાભાઈ રાઠોડ ના તેઓના પિતાશ્રી એભાભાઈ માલાભાઈ રાઠોડ ના નામથી અત્રેની પેટા કચેરી એ રજી. નં.ચાર્જ રૂા.૧૫૦/– રસીદ નં–૪૭૯૫૨ તા.૨૪/૧/૧૯૯૧ થી ભરપાઈ કરી તેમજ કોટેશન તા.૧૮/૦૬/૨૦૦૨ થી ભરેલ છે.

૨.૨ જેથી ઉપરોકત વીજજોડાણ અત્રેની પેટા કચેરી દ્વારા ગેટ પાસ નં– ૨૪૧૬૫ તા.૧૨/૧૧/૨૦૦૨ થી રીલીઝ કરવામાં આવેલ છે જે વીજ જોડાણ ના ગ્રાહક નં–૮૪૭૦૭/૦૦૩૩૭/૦ છે.

૨.૩ વધુમાં અત્રેની પેટા કચેરી દ્વારા સદર વીજ જોડાણ વાળા કેસની ફાઈલ તપાસતાં અરજદારશ્રી એભાભાઈ માલાભાઈ રાઠોડ દ્વારા સદર વીજ જોડાણની માંગણી સમયે જોડેલ સાધનીક કાગળો તપાસતાં સર્વે નંબર–૨૧૨/બ/૭૮ ના ૭/૧૨, ૮– અ આપેલ છે તેમજ સદર સર્વે નંબર પર કુવો તેમજ પુરતા પાણી હોવાના તલાટી મંત્રી ના આધાર પુરાવા જે તે સમયે રજુ કરેલ છે. જેના આધારે ઉપરોકત વીજજોડાણ અત્રેની પેટા કચેરી દ્વારા રીલીઝ કરવામાં આવેલ.

૨.૪ આમ, ઉપરોકત નાયબ ઈજનેરશ્રી કોડીનાર–૧ ના સંદર્ભ પત્ર નંબર–૨ ના અનુસંધાને જણાવવાનું કે, અત્રેની પેટા કચેરી દ્વારા કોઈ ખોટી જગ્યાએ કે અન્યની માલિકીમાં વીજ જોડાણ ઉભું કરવામાં આવેલ નથી તેમજ પ્રતિવાદી દ્વારા વાદીશ્રી સાથે કોઈ અભદ્ર વર્તન કરેલ ના હોય તેમ ફોરમની બેઠક સમક્ષ રજુઆત કરેલ છે.

P.G.V.C.L. Bhavnagar

૨.૫ જે આપ સાહેબશ્રી ની જાણ સારૂ.

☞ **ફોરમનું તારણ :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી નાગજીભાઈ નાભાભાઈ રાઠોડ, ગામ– માલશ્રમ, તા.કોડીનાર દ્વારા માલશ્રમ ખાતે ખાતા નંબર – ૨૭૦ સ.નં–૨૧૨/૫૮/પૈકી–૧ ની જમીન પરના કુવા પર પ્રતિવાદીની કચેરી દ્વારા રમેશભાઈ તથા રણવીર ભાઈ એભાભાઈ રાઠોડ ને ખોટી રીતે વીજ કનેકશન આપ્યા બાબતની રજુઆત ફોરમ ને કરેલ છે.

૩.૨ આજરોજ તા.૦૯/૧૨/૨૦૨૨ ની રૂબરૂ સુનાવણી દરમ્યાન વાદી તેમજ પ્રતિવાદી ના પ્રતિનિધિએ હાજર રહી રજુઆતો કરેલ છે.

૩.૩ આજરોજ ફોરમ સમક્ષ રજુ થયેલ રજુઆતો, દસ્તાવેજો વગેરેનો અભ્યાસ કરતાં ફોરમને જણાય છે કે, પ્રતિવાદી ની કોડીનાર–૧ કચેરી દ્વારા શ્રી રમેશભાઈ એભાભાઈ રાઠોડ તેમજ રણવીરભાઈ એભાભાઈ રાઠોડ ને તેમના પિતાશ્રી ના નામથી માંગણી કરેલ ખેતીવાડી વિજ કનેકશનની અરજી તા.૨૪/૦૧/૧૯૯૧ ના રોજ ની છે. જે અંગેનું અંદાજપત્ર તેમના દ્વારા તા.૧૮/૦૬/૨૦૦૨ ના રોજ ભરપાઈ કરતાં તા.૧૨/૧૧/૨૦૨૨ થી નવું કનેકશન રીલીઝ કરવામાં આવેલ છે. તેમજ જે તે સમયે માંગણી સમયેના નિયમોનુસારના કાગળો જેવા કે, તલાટી મંત્રી ના કુવામાં પાણી હોવા અંગેના આધાર પુરાવા મેળવીને વિષય વાળી જગ્યા પર કનેકશન આપવામાં આવેલ છે.

૩.૪ આ તબકકે ફોરમને જણાય છે કે, વાદી દ્વારા આશરે ૨૦ વર્ષ જેટલા લાંબા સમયપછી વિષય વાળા કનેકશન અંગેનો વિવાદ ઉપસ્થિત કરવામાં આવેલ છે તથા તે અંગેના સંતોષકારક પુરાવાઓ રજુ કરી શકેલ નથી. જયારે પ્રતિવાદી દ્વારા જે તે સમયે કંપનીનાં નિયમોનુસાર દસ્તાવેજી આધાર પુરાવાઓ મેળવીને રમેશભાઈ તથા રણવીરભાઈ એ રાઠોડ ને નવું વીજ કનેકશન ફાળવેલ છે. જે મેળવવા તેઓ હકકદાર છે તે બાબત સ્પષ્ટ થાય છે.

૩.૫ આમ, વિષય વાળું વીજ કનેકશન આપવામાં પ્રતિવાદી ની કચેરી દ્વારા કોઈ ક્ષતિ કે ગેરરીતી કરવામાં આવેલ હોવાનું પ્રસ્થાપીત થતું ન હોઈ, વાદી ની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી. આથી, વાદી ની અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– ૦૯/૧૨/૨૦૨૨.